શિનની ટ્રાઇસિકલ

તત્સુહરુ કોડમા

શિનની ટ્રાઇસિકલ

તત્સુહરુ કોડમા

ગુજરાતી: સુધીર જે.



આ વાર્તા બાળકો અને યુવાનોના મનમાં હંમેશા યુદ્ધ પ્રત્યે નફરત જગાડશે. યુદ્ધ રાજકારણીઓ અને સેનાપતિઓને મારતું નથી. યુદ્ધનો ભોગ બનેલા લોકો નિર્દોષ બાળકો હોય છે - જેમ કે ત્રણ વર્ષનો શિન. જ્યારે અમેરિકાએ હિરોશિમા પર બોમ્બ ફેંક્યો ત્યારે લિટલ શિન તેની લાલ ટ્રાઇસિકલ પર સવારી કરી રહ્યો હતો. આ વાર્તા તમને હંમેશા યુદ્ધની ભયાનકતા વિશે યાદ અપાવશે અને શાંતિ માટે કામ કરવા પ્રેરણા આપશે.

દર ઓગસ્ટમાં મને એ જ યાદ સતાવે છે. મારા મનમાં હું મારા દીકરા શિનને લાલ ટ્રાઇસિકલ પર સવારી કરતો જોઉં છું જે તેણે તેના જન્મદિવસ પર લેવાનું સ્વપ્ન જોયું હતું. પરંતુ આ ખુશ ચિત્ર ધુમાડા અને રાખના વાદળ પાછળ અદૃશ્ય થઈ જાય છે. જ્યારે હું ઓગસ્ટના એક દિવસ વિશે વિચારું છું ત્યારે મારા હૃદય પર અંધારું છવાઈ જાય છે જેણે અમારા બધા સપનાઓનો અંત લાવ્યો હતો.

પચાસ વર્ષ પહેલાં, જ્યારે શિન ત્રણ વર્ષનો હતો, ત્યારે અમારું કુટુંબ જાપાનના હિરોશિમામાંથી વહેતી શાંત નદી પાસે એક નાના ઘરમાં રહેતું હતું. શિનને બે બહેનો હતી, મિચિકો અને યોકો. પરંતુ તેની સૌથી સારી સખી કિમી હતી, જે બાજુમાં રહેતી છોકરી હતી. દરરોજ તેઓ ઘરે રમતા અને ચિત્ર પુસ્તકો જોતા, ખાસ કરીને એક જેમાં શિન ખૂબ જ ઇચ્છતો એ ટ્રાઇસિકલ દર્શાવવામાં આવી હતી - ભલે તે જાણતો હતો કે તે એક અશક્ય સ્વપ્ન હતું.

દર ઓગસ્ટમાં મને એ જ યાદ સતાવે છે. મારા મનમાં હું મારા દીકરા શિનને લાલ ટ્રાઇસિકલ પર સવારી કરતો જોઉં છું જે તેણે તેના જન્મદિવસ પર લેવાનું સ્વપ્ન જોયું હતું. પરંતુ આ ખુશ ચિત્ર ધુમાડા અને રાખના વાદળ પાછળ અદૃશ્ય થઈ જાય છે. જ્યારે હું ઓગસ્ટના એક દિવસ વિશે વિચારું છું ત્યારે મારા હૃદય પર અંધારું છવાઈ જાય છે જેણે અમારા બધા સપનાઓનો અંત લાવ્યો હતો.

પચાસ વર્ષ પહેલાં, જ્યારે શિન ત્રણ વર્ષનો હતો, ત્યારે અમારું કુટુંબ જાપાનના હિરોશિમામાંથી વહેતી શાંત નદી પાસે એક નાના ઘરમાં રહેતું હતું. શિનને બે બહેનો હતી, મિચિકો અને યોકો. પરંતુ તેની સૌથી સારી સખી કિમી હતી, જે બાજુમાં રહેતી છોકરી હતી. દરરોજ તેઓ ઘરે રમતા અને ચિત્ર પુસ્તકો જોતા, ખાસ કરીને એક જેમાં શિન ખૂબ જ ઇચ્છતો એ ટ્રાઇસિકલ દર્શાવવામાં આવી હતી - ભલે તે જાણતો હતો કે તે એક અશક્ય સ્વપ્ન હતું.

પછી, એક દિવસ, શિનના કાકા, જે જાપાની નૌકાદળમાં નાવિક હતા, મળવા આવ્યા.

"શિન," તેણે બોલાવ્યો, "અહીં આવ. મારી પાસે તારા માટે કંઈક છે."

"શું છે?" શિને ઉત્સાહથી પૂછ્યું, અને તે તેના કાકાના હાથમાં રહેલા વિશાળ પેકેજ તરફ પહોળી આંખોથી જોઈ રહ્યો.

"અનુમાન લગાવ," તેના કાકાએ કહ્યું, "આ એવી વસ્તુ છે જે તું ખરેખર ઈચ્છે છે."

આ સાથે, તેના કાકાએ ભેટ પોતાની પાછળ છુપાવી દીધી. શિન એટલો ઉત્સાહિત હતો કે તે પેકેજ સુધી પહોંચવા માટે તેની આસપાસ કૂદી પડ્યો. પરંતુ તેના કાકાએ, આખો સમય હસતા, રહસ્યમય ભેટ છુપાવી રાખી.

બરાબર એ જ સમયે, શિને એક નાનું લાલ હેન્ડલ રેપિંગ (વીંટાળેલ કાગળ) માંથી બહાર નીકળતું જોયું. "આ એક ટ્રાઇસિકલ છે!" શિને ચીસ પાડી, તેને જે દેખાયું તેના પર વિશ્વાસ ન થયો.

પણ જ્યારે તેણે બાકીનું રેપિંગ ફાડી નાખ્યું ત્યારે તેની આંખો આંસુઓથી ભરાઈ ગઈ. "ઓહ, આભાર, કાકા. ખૂબ ખૂબ આભાર. તમને તે ક્યાંથી મળી?"

"મને તે મારા કબાટના પાછળના ભાગમાં છુપાયેલી મળી," તેના કાકાએ કહ્યું. "હું તારા જન્મદિવસ પહેલા બહાર જઈ રહ્યો છું એટલે મારે તને એ હમણાં આપવાની ઈચ્છા હતી."

શિન ઝડપથી બાઇક પર ચઢી ગયો, અને મારી સામે ગર્વથી જોઈને કહ્યું, "જુઓ પપ્પા, મારું સ્વપ્ન સાકાર થયું છે."

૬ ઓગસ્ટ, ૧૯૪૫ ની સવાર ખૂબ જ સુંદર હતી. નજીકના ઝાડ પર સિકાડા પોતાના પગ ઘસતા હોય તેવા સેન્ડપેપરના અવાજોથી હવા ભરાઈ ગઈ હતી.



પરંતુ સવારની શાંતિ ફરી એક વાર અમેરિકન બોમ્બ હુમલાની ચેતવણી આપતા હવાઈ હુમલાના સાયરનથી તૂટી ગઈ. જ્યારે સાયરન બંધ થયું ત્યારે શિન અને કિમી પાછળના આંગણામાં દોડી ગયા, હસતા હસતા તેઓ ટ્રાઇસાઇકલ પર કૂદીને આંગણામાં ફરવા લાગ્યા.

અમારા ઘરની સામેના રસ્તાનું સમારકામ કરી રહેલા સૈનિકોનું એક જૂથ લાલ ટ્રાઇસિકલને ઝડપથી પસાર થતી જોઈને હસ્યું, જેમાં શિન અને કિમી ફાનસની જેમ ચમકતા હતા. હું પણ કામ માટે તૈયાર થવા માટે ઘરે પાછો ગયો ત્યારે હસતો હતો. અને પછી અકલ્પ્ય બન્યું.

એક ભયંકર વિસ્ફોટ, એક ચમક જે આંધળા કરી દેય. મને લાગ્યું કે દુનિયાનો અંત આવી ગયો છે. પછી, થોડીવારમાં, બધું અંધારું થઈ ગયું.

જ્યારે હું જાગી ગયો, ત્યારે અંધારું મને ઘેરી વળ્યું હતું અને હું હલનચલન કરી શકતો ન હતો. હું ફસાઈ ગયો હતો - પણ ક્યાં?

પછી મેં મારા ઉપરના નાના છિદ્રમાંથી એક આછો પ્રકાશ આવતો જોયો. મેં મારા હાથ કાળજીપૂર્વક હલાવવાનું શરૂ કર્યું, મને નીચે દબાવતા મોટા લાકડાના બીમનો અનુભવ થયો. મેં ઉપર હાથ ફેરવ્યો અને કંઈક સુંવાળી વસ્તુને સ્પર્શ કર્યો. તે આપણા ઘરની છત છે! આખું ઘર મારા પર તૂટી પડયું હતું.

ધીમે ધીમે હું પ્રકાશ તરફ અને છત પર ગયો. હું ગરમ, કાળા પવન તરફ જોતો ઊભો રહ્યો.

મને મારી આંખો પર વિશ્વાસ નહોતો આવતો. કંઈ બચ્યું નહોતું. કિમીનું ઘર નહોતું, મંદિર નહોતું, લોકો નહોતા, હિરોશિમા નહોતું.

મેં પવનમાં બૂમ પાડી, "કોઈ છે?"

"મદદ કરો!" મેં માતાને ચીસો પાડતા સાંભળ્યા, "મને મદદ કરો, નોબુઓ!"

હું અમારા પડી ગયેલા ઘર પર ઠોકર ખાતો હતો અને મારી માતા કાટમાળમાં ખોદકામ કરતી જોવા મળી. ત્યાં શિન એક મોટા બીમ નીચે દબાયેલો હતો.

મેં ઝડપથી બીમ ઉપાડી, જ્યારે માતાએ શિનને હળવેથી બહાર કાઢ્યો. તેના ચહેરામાં થી લોહી વહેતુ હતું અને સોજો આવી ગયો હતો. તે વાત કરવા માટે ખૂબ જ નબળો હતો, પરંતુ તેના હાથમાં હજુ પણ તેની ટ્રાઇસિકલનો લાલ હેન્ડલબારની હતો. કિમી ત્યાં ન હતી, ઘરની નીચે ક્યાંક ખોવાઈ ગઈ હતી.

પછી મેં છત નીચે ફસાયેલા બે નાના ડ્રેસની ધાર જોઈ. તેની પાછળ, આગની દિવાલ અમારા ઘર તરફ ધસી આવી રહી હતી.

"મિચિકો! યોકો!" મેં બૂમ પાડી. હું આવું છું!"

મારી બધી શક્તિથી, મેં છતની બીમ ઉપાડવાનો પ્રયાસ કર્યો, પણ હું કરી શક્યો નહીં. આગ હવે ખૂબ નજીક હતી, અને તે એટલી ગરમ હતી કે મને ડર હતો કે મારા કપડાં બળવા લાગશે. અચાનક, મિચિકો અને યોકોની ની ઉપર પડેલા બીમ ભડકે બળવા લાગ્યા.

"મિચિકો! યોકો!" મેં ભયથી ચીસ પાડી. હું મારી છોકરીઓને બચાવવા માટે લાચાર હતો. હું કંઈ કરી શકતો ન હતો. પણ શિન પાસે હજુ પણ તક હતી, તેથી હું અને મારી માતા તેને પ્રચંડ આગથી દૂર નદીમાં લઈ ગયા.

બચી ગયેલા બધા લોકો નદી કિનારે ભેગા થયા હતા. તે એક ભયાનક દૃશ્ય હતું.

બધા બળી ગયા હતા, અને તેઓ રડી રહ્યા હતા અને પાણી માટે બૂમો પાડી રહ્યા હતા.

"પાણી, મને પાણી જોઈએ છે," શિને ધીમા અવાજે વિનંતી કરી. હું તેને ખૂબ મદદ કરવા માંગતો હતો. પણ ચારે બાજુ, લોકો પાણી પીતા પીતા મરી રહ્યા હતા, તેથી મેં તેને પાણી આપવાની હિંમત ન કરી.

"પપ્પા," શિને એટલી શાંતિથી કહ્યું કે હું તેને ભાગ્યે જ સાંભળી શકતો હતો, "મારી.....મારી....ટ્રાઇસિકલ___"

મેં તેનો હાથ દબાવ્યો જેમાં એણે હજી પ્લાસ્ટિકવાળું હેન્ડલ પકડી રાખ્યું હતું. "શિન," મેં કહ્યું, "તારા હાથમાં હજુ પણ હેન્ડલ છે ."

તેનો સૂજેલો ચહેરો ચમકતો હોય તેવું લાગતું હતું, અને થોડું સ્મિત દેખાતું હતું. પણ તે રાત્રે તેનું અવસાન થયું, તેના ચોથા જન્મદિવસના દસ દિવસ પહેલા.



બીજા દિવસે, હું અમારા ઘરે પાછો ગયો. ત્યાં મને મિચિકો અને યોકોના નાના હાડકાં એકસાથે પડેલા મળ્યા. હું રડી પડ્યો. "માફ કરશો, મારા પ્રિય. કૃપા કરીને મને માફ કરો."

તેમને દફનાવ્યા પછી, હું લાંબા સમય સુધી રડ્યો, યાદ કરીને કે તેઓ એક દિવસ પહેલા કેટલા ખુશ હતા.



બીજા દિવસે સાંજે, મેં શિન માટે અમારા આંગણામાં એક કબર ખોદી. પણ હું તેને દફનાવું તે પહેલાં, કિમીની માતા કિમીના મૃતદેહને લઈને આવી. "તેઓ ખૂબ સારા મિત્રો હતા," તેણીએ ઉદાસ થઈને કહ્યું. "આપણે તેમને સાથે દફનાવવા જોઈએ, નોબુઓ."

તેથી, કિમી અને શિનને હાથ પકડીને એકસાથે દફનાવવામાં આવ્યા, શિનની કિંમતી ટ્રાઇસિકલ સાથે, જે અમને કાટમાળમાંથી મળી હતી.

ત્યાર પછી દરરોજ સાંજે અમે નદી કિનારે ઉભા રહેતા અને અમારા બાળકોના નામની બૂમ પાડતા "શિન! મિચિકો! યોકો!"

અણુ બોમ્બથી હિરોશિમા રણમાં ફેરવાઈ ગયું તેના ચાલીસ વર્ષ વીતી ગયા, અને આખા શહેરમાં નવું જીવન ફેલાયું. લોકોને ચિંતા હતી કે ફરી ક્યારેય કંઈ ઉગશે નહીં, પરંતુ બધે વૃક્ષો અને ઘાસ ફૂટી નીકળ્યા. બાળકો બગીચાઓમાં હસતા અને રમતા હતા.

મને મારા પોતાના બાળકોના સ્મિત યાદ આવ્યા, અને મારું હૃદય હજુ પણ તે યાદથી દુ:ખી થતું હતું.

ઘણા વર્ષોથી, મમ્મી અને મને એ જાણીને દિલાસો મળ્યો હતો કે અમારા બાળકો આટલા નજીક છે.

પરંતુ અમે હંમેશા બાળકોને કબ્રસ્તાનમાં યોગ્ય રીતે દફનાવવાનો ઇરાદો રાખ્યો હતો. એક દિવસ અમે નક્કી કર્યું કે તેમને ખસેડવાનો સમય આવી ગયો છે. અમે પાછળના આંગણામાં ખોદકામ શરૂ કર્યું, અને કિમીની માતા અમારી સાથે જોડાઈ.

"જુઓ મમ્મી, આ ટ્રાઇસિકલ છે! હું ભૂલી ગયો હતો કે તે અહીં છે."

મને ખબર પડે તે પહેલાં જ હું રડી પડયો. મારે પાછળ ફરી જવું પડ્યું. હું તેની સામે જોઈ જ ન શક્યો.

"જુઓ પપ્પા, કંઈક સફેદ છે," માતાએ કહ્યું.

અમે બધા કિમી અને શિનના નાના સફેદ હાડકાંને હાથમાં હાથ પકડેલા જોતા રહ્યા, જેમ કે અમે તેમને મૂક્યા હતા.

યુદ્ધો હંમેશા ક્રૂર હોય છે. યુદ્ધ કોણ શરૂ કરે છે તે મહત્વનું નથી. નિર્દોષ લોકો મૃત્યુ પામે છે - શિન જેવા બાળકો પણ.

મારી આંખોમાં આંસુ સાથે, મેં શિનની ટ્રાઇસિકલ હળવેથી ઉંચી કરી.

"બાળકો સાથે આવું ક્યારેય ન થવું જોઈએ," મેં કહ્યું. "કદાચ જો પૂરતા લોકો શિનની ટ્રાઇસિકલ જોઈ શકે તો, તેઓ યાદ રાખશે કે દુનિયા એક શાંતિપૂર્ણ સ્થળ હોવી જોઈએ જ્યાં બાળકો રમી શકે અને હસી શકે."

બીજા દિવસે હું ટ્રાઇસિકલ લઈને હિરોશિમાના પીસ મ્યુઝિયમ ગયો. હવે શિનની વાર્તા વિશ્વભરના બાળકો માટે શાંતિના સ્વપ્નને જીવંત રાખવામાં મદદ કરે છે.